**મહે.કેશોદનાં એડિ. સિનિયર સિવિલ જજ અને એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટ,**
**મું. કેશોદ, જિ.જૂનાગઢ**

GJJN080007942025

**<u>રે. દિવાની મુકદ્દમા નં.૫૮/૨૦૨૫</u>**

**<u>-:: વાદીની આંક-૫ ની અરજી નીચે હુકમ ::-</u>**

વાદીએ હાલનો આ દાવો વિજ્ઞાપન અને આજ્ઞાકારી મનાઈ હુકમ તથા કાયમી મનાઈ હુકમ મેળવવા કરેલ છે અને દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈહુકમ મળવા માટે હાલની આ અરજી રજૂ કરેલ છે.

**(૧)....**વાદીએ હાલની આ અરજી કરી મહત્વની હકીકતે જણાવેલ છે કે, **વાદીની માલિકી અને કબજા ભોગવટાની ખેતીની જમીન માળિયા હાટીના મોજે કેરાળા ગામની સીમમાં સર્વે નં ૭૮/પૈકી-૪ અને હે.આરે.ચો.મી. ૦-૭૫-૮૮ આવેલ છે.** જેમાં વાદી ખેતીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ કામના પ્રતિવાદી નં-૨ વીજળી પૂરી પાડવાનું કાર્ય કરે છે અને તેની હેડ-ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે તથા તેની પેટા કચેરી માળિયા-હાટીના મુકામે આવેલ છે. તેમજ **આ કામના પ્રતિવાદી નં-૩ માળિયા હાટીના કેરાળા ગામે રહે છે અને વાદીની ખેતીની જમીનની બાજુમાં તેમની ખેતીની જમીન આવેલ છે જેમાં તેઓ ખેતીકામ કરે છે.** તેના સર્વે નં-૯૪/પૈકિ-૨ અને હે.આરે.ચો.મી ૧/૧૩/૩૨ આવેલ છે અને વાદીની ખેતીની જમીનના દક્ષિણ તરફ આવેલ છે. આ કામના પ્રતિવાદી નં-૪ જે પ્રતિવાદી નં-૩ ના માતા થતા હોય અને સર્વે નં ૯૪/પૈકી-૨ વાળી જમીન પ્રતિવાદી નં-૩ તથા ૪ ના સંયુકત નામે રેવન્યુ રેકર્ડમાં બોલતી હોય તથા વીજ કનેકશન લેવા માટે પ્રતિવાદી નં-૪ નાએ પ્રતિવાદી નં-૩ને સંમતી પત્રક આપેલ હોય તેથી તેઓને પ્રતિવાદી નં-૪ તરીકે જોડવામાં આવેલ છે.

**આ કામના પ્રતિવાદી નં-૩ને પોતાની ખેતીની જમીનમાં થ્રી-ફેઝની વીજ કનેકશનની જરૂરિયાત હોય માંગણી કરતા આ કામના પ્રતિવાદી નં-૨ નાએ આ કામના પ્રતિવાદી નં-૩ નાને ખેતીવાડી માટે થ્રી-ફેઝ વીજ પુરવઠો આપવા માટે વીજ જોડાણ આપવા માટે સર્વે કરેલ હતું જે <u>સર્વે મુજબ ૧૧ કે.વી. વીજ લાઈન વાદીના ખેતર માંથી વચોવચ પસાર થાય ત્યાંથી વીજ કનેકશન લેવા માંગતા હોય</u> <u>વાદીના</u>**

**<u>ખેતર અને રહેણાંક મકાન તથા ઝાડ ઉપરથી પસાર થઈને પ્રતિવાદી નં–૩ના ખેતર સુધી પહોચે છે.</u>**

જે વાદગ્રસ્ત જમીનની ચતુર્સીમાં નીચે મુજબ છે. પૂર્વ: વાદીના ખેતર બાદ વડીયા કેરાળા જાહેર માર્ગ પ્રતિવાદ નં ૩ નું ખેતર, પશ્ચિમ: કાનજીભાઈ હરજીભાઈ ભંભાણાનું ખેતર બાદ વડીયા કેરાળા જાહેર માર્ગ બાદ પ્રતિવાદી નં–૩ ના ખેતીની જમીન, ઉત્તર: પ્રતિવાદી નં.૩ના ખેતર બાદ વડીયા કેરાળા જાહેર માર્ગ બાદ વાદીનું ખેતર, દક્ષિણ: વાદગ્રસ્ત જગ્યા બાદ વોકળું (ચોમાસાનો પાણીનો નિકાલ)

ઉપરોકત ચતુ:સીમાં વાળી જમીનને હવે પછી આ દાવાના કામે વાદગ્રસ્ત જમીન તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. **સદરહું ૧૧ કે. વી. વીજ જોડાણ લગભગ ૩૦૦ મીટર લાંબાગાળા માંથી અને વાદીના ખેતરની વચ્ચો વચથી વાદીના રહેણાંક મકાન માલઢોરના ઢાળિયા તથા ઝાડ ઉપરથી પસાર થઈને જાય છે. જયારે અન્ય એક એલ.ટી.વીજ લાઈન પ્રતિવાદી નં.૩ના ખેતરના કુવા ઉપર હોવા છતા ટેપિંગ ઉભું કરીને નવી સૂચિત વાદગ્રસ્ત ૧૧ કે.વી. વીજ લાઈન પ્રતિવાદી નં–૩ ના ખેતર સુધી પહોચાડવાનું પ્રતિવાદી નં. ૨નો પ્લાન છે.** આ હયાત એલ.ટી.લાઈન હોવા છતા અને **પ્રતિવાદી નં–૩ ના ખેતરમાં વીજ કંપનીનું જોડાણ હોવા છતા તે ફીડર માંથી વીજ લાઈન પરથી જો પ્રતિવાદી નં–૩ ને વીજ જોડાણ આપવામાં આવે તો તે માટે કોઈ નવા ટેપિંગ ઉભા કરવાની જરૂરિયાત ઉપસ્થીત થતી નથી** હાલના પ્રતિવાદી નં–૩ની તેના ઉપરથી કનેકશન આપવાની કોઈ વિ. આર.(વોલ્ટેજ રેસીઓ) ઘટવાનો પ્રશ્ન ઉપસ્થીત થતા તેમજ કંપનીના કોઈપણ નીયમોનો પણ કોઈ પણ ભંગ થતો નથી **પ્રતિવાદી નં ૩ ના કૌટુંબિક ભાઈ કાળાભાઈ હરજીભાઈ ભંભાણાના ખેતર માંથી જે પશ્ચિમ દિશામાં આવેલ ૧૧ કે.વી.ની વીજ લાઈન આવેલ હોય ત્યાંથી પ્રતિવાદી નં.૩ ને વીજ કનેકશન લેવામાં આવે તો માત્ર ૧૦૦ મીટર જેટલું અંતર થતું હોવા છતા પ્રતિવાદી નં.૩ જાણી જોઈને અને વાદીના ઉભા પાક તથા માલ ઢોરના ઢાળિયામાં રહેતા પશુઓ તથા રહેણાંક મકાનને નુકશાન જાય તેમ હોવા છતા પ્રતિવાદી નં.૩ ઘરારથી વાદીના ઉભા ખેતરના વચ્ચો વચથી વીજ લાઈન લેવા માંગણી કરેલ છે.**

હાલના પ્રતિવાદી નં.૨ પાસે પ્રતિવાદી નં.૩ ને વીજ જોડાણ આપવા માટે સરળ અને સસ્તો અને યોગ્ય અને કોઈ જ જાતના વાંધા કે નુકશાન વગરનો વિકલ્પ ઉપલબ્ધ હોવા છતાં પણ અગમ્ય કારણોસર હાલના પ્રતિવાદી નં.૨ નાએ વિકલ્પનો ઉપયોગ કરવાને બદલે વાદીની ખેતીની જમીનમાં નુકશાન થાય તે રીતે હાલની સૂચિત વાદગ્રસ્ત ૧૧ કે.વી.વીજ લાઈન ઉભી કરવાની તજવીજ કરતા હોય **વાદીએ આ કામના પ્રતિવાદી નં.૨ ને આ અંગે વાદગ્રસ્ત સ્થળ ઉપર મૌખિક તથા લેખીત વાંધા તારીખ ૧૨/૧૦/૨૦૨૩ તથા બીજી વખત લેખીત વાંધા ૦૧/૦૪/૨૦૨૪ તથા ૧૫/૦૪/૨૦૨૪ તથા**

**૦૯/૦૯/૨૦૨૪ ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં લેખીત રજૂઆત કરેલ તેમાં મુખ્યમંત્રીશ્રી ના ફરિયાદ નિવારણ કાર્યક્રમ દ્વારા જીલ્લા કલેકટર કચેરી જુનાગઢના જાવક નં. પીઆઓ /જીલ્લા/સ્વાગત/સપ્ટે/વશી ૧૧૫૯/૨૦૨૪ રજી.ક્રમાંક –૨૫ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજની અરજીના અનુસંધાને કલેકટર કચેરી જૂનાગઢનો તા.૨૧/૦૯/૨૦૨૪ નારોજ સવિસ્તાર જવાબ તથા સહ સામેલ નમૂનામાં નકલ તૈયાર કરી તા ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રેકર્ડ તથા જવાબ સાથે હજાર રહેવા નોટીસ પાઠવેલ તેમાં વાદી પ્રતિવાદીઓ હાજર રહેલ તેમાં કલેકટરશ્રી મૌખિક સાંભળ્યા બાદ સબ ડીવીસન મેજી.મેંદરડા ની કોર્ટમાં જવાનું કહેલ જ્યાં સબ ડીવીઝનલ મેજી. વાદી નં.૧ નાએ એમએજી/સી/પી.જી.વી.સી.એલ/કેસ નં –૬/૨૦૨૫ ના ઈન્ડિયન ટેલીગ્રાફ એકટ–૧૮૮૫ની કલમ – ૧૬(૧) હેઠળ વીજ લાઇન ખેતર માંથી પસાર કરવાની પરવાનગી આપવા બાબતમાંના કેસ નં ૬/૨૦૨૫ની ૦૬/૦૫/૨૦૨૫ ના રોજ પ્રતિવાદી નં.૩ ના હાજર ના હોય ફેર મુદત તા.૨૦/૦૫/૨૦૨૫ ના રોજ માત્ર સાંભળી અને માઈન્ડ અપ્લાઈ કર્યા વગર મનઘડત હુકમ તા.૧૨/૦૬/૨૦૨૫ નો કરેલ જે હુકમમાં વાદીના મકાનની સલામતીને ધ્યાને રાખી પાકને ઓછામાં ઓછુ નુકશાન જાય તે રીતે પ્રતિવાદી નં.૩ ને વીજ કનેકશન આપવા હુકમ કરેલ.**

વાદીએ ઉપરોકત કેસ અનુસંધાને નાયબ કલેકટરશ્રી મેંદરડાએ નોટીસ પાઠવી તે નોટીસ વાદીને બજતા તેઓએ તે કેસમાં પોતાની રજૂઆત કરેલી હતી તથા તે દરમિયાન **તેઓએ હયાત એલ.ટી. લાઈન જે પ્રતિવાદી નં.૩ ના કુવા પર જે હયાત લાઈન કનેકશન આવેલ છે અને હયાત એલ.ટી.લાઈન વાળી વિકલ્પે બાબતે રજૂઆત કરેલી નામ.નાયબ કલેકટર શ્રી મેંદરડા એ કોઈ સ્થળ ખરાઈ પંચ રોજકામ કરેલ ના હોવા છતા પણ એક તરફી અને પ્રતિવાદી નં.૩ની ખોટી રજુઆતો ધ્યાને લઈને નાયબ કલેકટર શ્રી મેંદરડાએ ધી ઈન્ડિયન ટેલીગ્રાફ એકટની જોગવાઈ અનુસાર અવગણી આ કામના પ્રતિવાદી નં.૧ નાએ કોઈ જ જાતના માઈન્ડ એપ્લાઈ કર્યા વગરની અને પોતાને જે કેસ ચલાવવા કે સાંભળવા કે હુકમ કરવા અધિકાર નથી તે કેસના વાંધેદારોની વાંધા રજૂઆત તથા હકીકતોને અવગણીને સૂચિત વાદગ્રસ્ત વીજ લાઈન પસાર કરવા માટે તદ્દન ગેર કાયદેસરનો હુકમ તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ કરેલ છે જે વાદીને તા. ૨૩/૦૯/૨૦૨૫ ના રોજ મળતા સદરહું દાવો લાવવાની ફરજ પડી છે.**

આ કામના પ્રતિવાદી નં.૩ની ખેતીની જમીનમાં હાલ વીજ કનેકશન હોવા છતા તે ફીડર માંથી નવું કનેકશન લેવાને બદલે વાદીના ખેતરની જમીનની વચ્ચેથી વીજ પોલ નાખી વાદીના રહેણાંક મકાન પશુ રાખવાના ઢાળિયા તથા નાળિયેરી ઝાડ તથા ચારાને તથા ઉભા પાકને નુકશાન થાય તેમ

છે અને વાદી ખેતી કરી ના શકીએ તેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ છે અને વાદીને નાણામા ના પૂરી શકાય તેવું મોટું નુકશાન જાય તે રીતે વીજ લાઈન પસાર થતી હોય અને આ વીજલાઈનથી ચોમાસામાં તથા પિયત દરમિયાન જમીનમાં રહેલ ભેજ સાથે સીધો કરંટ પસાર થાય તો અત્યંત જોખમી તેમજ હાનીકારક પુરવાર થાય તેવી પૂરે પૂરી શકયતાઓ રહેલ છે. વાદીને ૧૧ કે.વી. જેવી શકિતશાળી વીજ લાઈનને કારણે કાયમી જાન હાનિનો સતત વાદી તથા વાદીના મૂંગા પશુઓ ઉપર સતત ભય તોળાયેલો રહે તેમ છે અને સતત મોતના ભયમાં ઓથળ તળે જીવવાનો વારો આવે તેમ છે.

આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પોતાને જે ચલાવવા કે સાંભળવા કે હુકમ કરવા અધિકાર નથી તે કેસમાં વાદીની રજૂઆત વાંધા દસ્તાવેજી પુરાવા તથા હકીકતોને અવગણીને સૂચિત વાદગ્રસ્ત વીજ લાઈન પસાર કરવા માટે પ્રતિવાદી નં.ર નો કેસ મંજુર કરતો તદ્દન ગેર કાયદેસરનો હુકમ કરેલ છે. જે હુકમ તા.૧ર/૦૬/ર૦ર૫ ના રોજ કરેલ છે જે વાદીને તા ર૩/૦૬/ર૦ર૫ ના રોજ મળેલ છે આ કામના પ્રતિવાદી નં.૧ નો તદ્દન ગેર કાયદેસરનો હુકમ તેઓએ ખોટી રજુઆતોથી મેળવેલ હોય પ્રતિવાદી નં.૩ શકિતશાળી અને રાજકીય વગવાળા મોટા આસામી હોય પ્રતિવાદી નં.ર,૩ના મિલાપી જઈને પોતાની વગ, સત્તા અને શકિતના જોરે તેઓ ગરીબ ખેડૂતને નુકશાન કરતા થાય તે રીતે વાદીનું હિત કાયમી માટે જોખમાય તે રીતે ૧૧ કે.વી. વીજ લાઈન ગમે તે ભોગે નાખી દેવા માંગતા હોય અને પોલીસ પ્રોટેકશન સાથે ગમે ત્યારે વીજ લાઈન નાખી દે તેવી ચોખી ભીતિ હોય આથી વાદીને તાત્કાલિક ધોરણે સદરહું દાવો લાવવાનું કારણ ઉપસ્થીત થયેલ છે.

આ કામે અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે પ્રતિવાદી નં.ર પાસે પ્રતિવાદી નં.૩ને કનેકશન આપવા માટે હયાત એલ. ટી. લાઈન પરથી કોઈ પણ પોલ નાખ્યા વગર અને પૂરતા વોલ્ટેજ મળે તે રીતનો વિકલ્પ ઉપલબ્ધ હોવા છતા વાદીની જમીનના વચોવચ વાદીના ઉભા પાકને નુકશાન થાય તે રીતે તથા વાદીના રહેણાંક મકાન તથા પશુ બાંધવાના ઢાળિયા તથા ચારો તથા નાળિયેરીના ઝાડ તથા અન્ય ઝાડોને નુકશાન થાય તે રીતે વીજ લાઈન નાખી વીજ કનેકશન સ્થાપિત કરવા માંગતા હોય આ રીતે વીજ લાઈન માટેના પોલ નાખવા માટે નાયબ કલેકટરશ્રી મેંદરડા નાએ પોતાની સત્તા બહારનો હુકમ તા.:૧ર/૦૬/ર૦ર૫ ના રોજ કરી આપેલ હોય તે મુજબ પ્રતિવાદી નં ર,૩ ના ગમે તે ઘડીએ પોલીસને સાથે રાખી સૂચિત વીજ લાઈન નાખી તેવી ભીતિ હોય તેવા સંજોગોમાં વાદીના જાન માલનું નુકશાન થઈ શકે તથા નાણામાં ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન તથા ઈરરીપેરેબલ લોસ જાય તેમ છે. જયારે જો મનાઈ હુકમ આપવામાં આવે તો તેમાં પ્રતિવાદીઓને કોઈ

જાતનું નુકશાન જાય તેમ નથી કે કોઈ પણ જાતના કાયદાનો ભંગ થતો નથી આથી બેલેન્સ ઓફ કન્વીનીયંસ વાદીની તરફેણમાં છે આથી આ કામે વચગાળાનો મનાઈ હુકમ મળવા માટે વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે.

**હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે,**આ કામના પ્રતિવાદી નં.૧ ના એ એમ. એ. જી. / સી /પી. જી. વિ. સી. એલ / કેસ નં. ૦૬/ ૨૦૨૫ માં કરેલ તા. ૧૨ /૦૬ /૨૦૨૫ ના રોજ કરેલ હુકમની અમલવારી રોકવાનો વચગાળાનો આજ્ઞાકારી મનાઈ હુકમ વાદીઓની તરફેણમાં કરી આપવા **તથા** પ્રતિવાદી નં. ૨ ના માણસો નોકરો એજન્ટો, કે કોન્ટ્રાકટરને વાદીઓના ખેતીની જમીનમાં આવેલ ઉભા પાક તથા રહેણાંક મકાન પશુ રાખવાના ઢાળિયા તથા નાળિયેરીના ઝાડ, તથા અન્ય ઝાડોને નુકશાન થાય તથા વાદીના જાન માલનું નુકશાન થાય અને વાદીને અડચણ થાય તે રીતે સૂચિત ૧૧ કે. વી. ના વીજ પોલ નાખવા સામે વચગાળાનો મનાઈ હુકમ પ્રતિવાદી નં. ૨, ૩ ના વિરુદ્ધ ફરમાવવા તથા આ અરજીને મળી શકતી તમામ આનુંશાગીક દાદ અપાવવા વિનંતી કરેલ છે.

**(૨)....**વાદીની આંક–૫ ની અરજી લગત કોર્ટ ધ્વારા આ કામના પ્રતિવાદીઓને કારણદર્શક નોટિસ કાઢવામાં આવેલી. જે નોટિસ પ્રતિવાદીઓને ધારા ધોરણસર બજી જતાં આ કામના પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે. પ્રતિવાદી નં.૨ નાએ આંક–૧૯ થી તથા પ્રતિવાદી નં. ૩,૪ નાએ આંક–૨૦થી વાદીના દાવા તથા વચગાળાની અરજીનો સયુકતમાં વાંધા જવાબ રજૂ કરેલ છે જયારે પ્રતિવાદી નં.૧નાઓનો મારા પુરોગામી સાહેબશ્રીએ તેમનો જવાબનો હકક બંધ કરેલ છે.

પ્રતિવાદી નં.૨ નાએ વાદીના દાવા તથા વચગાળાની અરજીનો સયુકતમાં વાંધા જવાબ આંક–૧૯ થી રજૂ કરી જણાવેલ છે કે, વાદીએ દાવો લાવતા પુર્વે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની જોગવાઈ નીચે સ્ટેચ્યુટરી નોટીસ આપવી જોઈએ તેવી કોઈ નોટીસ વાદીએ પ્રતિવાદી નં.૨ ને આપેલ નથી. વાદીએ તેમની દાવા અરજી માં જે દાવો લાવવા માટેનું કારણ અને સમયમર્યાદા જણાવેલ છે તે તા. ૧૨/૬/૨૦૨૫ અને તા. ૨૩/૬/૨૦૨૫ ખરી તારીખો ન હોઈ તેમજ વાદીને અમો પ્રતિવાદી નં .૨ સામે કોઈ દાવો લાવવા કારણ જ ઉત્પન્ન થયેલ નથી. પ્રતિવાદી નં.૨ કંપનીએ પ્રતિવાદી નં.૩ને વીજ લાઈન મેળવવા માટે પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ સમક્ષ ધી ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ ૧૯૮૫ની કલમ–૧૬(૧) હેઠળ વીજ લાઈન ખેતરમાંથી પસાર કરવા પરવાનગી માંગતા તેમાં વાદીને સાંભળી ગુણદોષ ઉપર પ્રતિવાદી નં.૧ નાએ આખરી હુકમ કરેલ છે તે હુકમ ઉપર વાદીને એપેલેન્ટ ઓથોરેટી સમક્ષ વાદી જઈ શકયા હોત પરંતુ તે સંબંધે કોઈ કાર્યવાહી કરેલ ન હોઈ અને સીધા આ નામ

કોર્ટમાં દાવો તથા મનાઈ હુકમની અરજી લાવેલ છે. તે ટેનેબલ કે મેન્ટેનબલ નથી. પ્રતિવાદી નં.૨ કંપનીએ પ્રતિવાદી નં.૩ ને વીજ કનેકશન આપવાની કાર્યવાહી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ તેમજ ગુજરાત વીજળી અધિનિયમની પુર્વતમાન જોગવાઈ મુજબ કરેલ છે તેમાં કોઈ વાદીને નુકશાન થાય તેવા કોઈ ઈરાદાથી કે તેવા કોઈ હેતુથી કરવામાં આવેલ નથી પરંતુ વાદી પોતાની અનુકુળતા મુજબ પ્રતિવાદી નં. ૨ને ગાઈડ (સલાહ) કરતા હોઈ તે દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી લાવેલ છે. પરંતુ પ્રતિવાદી નં.૨ વીજળીને લગતી બાબતોમાં તજજ્ઞ હોઈ પ્રવર્તમાન જોગવાઈઓ વિગેરે ધ્યાને રાખી અને ઓછામાં ઓછી અગવળતા અને મુશ્કેલીઓ થાય તે રીતે સર્વે કરી વીજ કનેકશન આપવાની કાર્યવાહી કરેલ તેમાં વાદી આક્ષેપો કરે છે તે રીતે પ્રતિવાદી નં. ૨ નાએ કોઈ કાર્યવાહી કરેલ નથી તેથી તેનો ઈન્કાર કરે છે. પ્રતિવાદી નં.૨ નાએ વાદીની તા.૧૫/૪/૨૦૨૪ ની વાંધા અરજી સંબંધે સાચી અને ખરી વિગતો વાળો તા.૧૨/૯/૨૦૨૪ ના જવાબ આપેલ છે અને તેમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, ''રાજુભાઈ લખમણભાઈ ભંભાણ (પ્રતિવાદી નં.૩ ) નું વીજ જોડાણ આપવા માટે અત્રેની કચેરી ધ્વારા આપના ખેતરમાં એક પણ પોલ ઉભો કરવામાં આવેલ નથી કે આપના ખેતરમાં કોઈ નુકશાની કરવામાં નથી સદર વીજ જોડાણનું લાઈન કામ પુર્ણ કરવા માટે આપના ખેતર માંથી જુની પસાર થતી ૧૧ કેવી. સુખધામ ખેતીવાડી ફીડર લાઈન માંથી ફકત ટેપીંગ લેવાનું થાય છે.'' તેટલી જયારે હકીકત લેખીતમાં પ્રતિવાદી નં .૨ વાદીને દાવાના ઘણા સમય પહેલા જણાવેલ હોવા છતા અને છેલ્લે પ્રતિવાદી નં. ૧ સમક્ષ પણ પ્રતિવાદી નં.૩ ને આપવાની થતી વીજ લાઈન અંગે પરવાનગી માંગવામાં આવેલ હોઈ અને તે પરવાનગી મંજુર થયેલ હોઈ અને તેમા વાદીને પણ પુરતી રજુઆત કરવાની તક આપવામાં આવેલ હોઈ તેમ છતા વાદી મનઘડત અને વાસ્તવીક સ્થળસ્થિતી થી વિપરીત દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી લાવેલ છે. વાદીએ તેમની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીમાં પ્રતિવાદી નં.૩ની ખેતીની જમીનમાં હાલ વીજ કનેકશન હોવા છતાં તે ફીડરમાં નવુ વીજ કનેકશન લેવાને બદલે વાદીના ખેતરની જમીનની વચ્ચેથી વીજ પોલ નાખી વાદીના રહેણાંક મકાન પશુ રાખવાના ઢાળીયા તથા નાળીયેરી તથા ઝાડ તથા ચારાને ઉભા નુકશાન થાય તેમ હોવાની અને ખેતી કરી ના શકીયે તેવી વાદી જે રજુઆત કરે છે તેમજ વીજ લાઈનથી ચોમાસામાં પિયત દરમીયાન જમીનમાં રહેલ ભેજ સાથે સીધો કરંટ પસાર થાય તો અત્યંત જોખમી તથા હાનીકારક પુરવાર થાય તેવી પુરેપુરી શકયતાઓ રહેલ હોવાનું અને મોતના ભયનો ઓથ તળે જીવવાનો વારો આવે તેમ હોવાનું વાદીનું કથન ખરુ નથી કોઈ શોકસર્કીટ કે વીજ અકસ્માત થાય તે રીતનું પ્રથમથી જ કોઈ સર્વે કરવામાં આવેલ નથી અને વાદી ફકત શકયતાઓ દાવો લાવવાના

હેતુથી જણાવી રહ્યા છે પરંતુ આવા અસખ્ય વીજ કનેકશનો પ્રતિવાદી નં.૨ ના કાર્યક્ષેત્રે હેઠળના સબ ડીવીઝનમાં આપેલા છે અને આવેલા છે તેમાં વાદી જણાવે છે તેવા કોઈ બનાવો બનેલ નથી. વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ પ્રતિવાદી નં. ૨ પ્રતિવાદી નં. ૩ ની હયાત એલ.ટી. લાઈન ઉપર થી કોઈપણ પોલ નાખ્યા વગર વીજ કનેકશનના વિકલ્પ હોવા છતાં વાદીની જમીન કે પાકને નુકશાન થાય તે રીતે સુચિત વીજ લાઈન નાખવાથી નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકશાન થવાની હકીકત ખરી નથી વાદીને કોઈ ઈરીપેરેબલ લોસ જાય તેમ નથી તેમજ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૨ને કોઈ નુકશાન થાય તેમ ન હોવાની વાદીની રજુઆત ખરી નથી જે કોઈ પ્રતિવાદી નં.૩ ને વીજ કનેકશન આપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. તે ઈલેકટ્રીસીટી અને ટેલીગ્રાફને લગતા કાયદાઓને ધ્યાને રાખી કોઈ વ્યકિત કે પક્ષકારને નુકશાન ન થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવેલ છે તેથી વાદી જે રજુઆત કરેલ છે તે મનાઈ હુકમની અરજી લાવવાના હેતુથી જણાવવામાં આવેલ છે. વાસ્તવીક સ્થળ સ્થિતિ અને હકીકત વાદી જણાવે છે તે મુજબની નથી તેથી. વાદીના દાવાનો જવાબ તથા વચગાળાના મનાઈ હુકમની અરજીના લેખીત વાંધાઓ ધ્યાને લઈ વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

**પ્રતિવાદી નં.૩,૪ નાએ** વાદીના દાવા તથા વચગાળાની અરજીનો સયુકતમાં વાંધા જવાબ આંક–૨૦થી રજૂ કરી જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીને શ્રી ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ–૧૮૮૫ તથા સીવીલ પોસીઝર કોડની કલમ–૯ તથા ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) ની જોગવાઈઓનો સ્પષ્ટપણે બાધ નડે છે. વાદીએ આ કામે પ્રતિવાદી નં.૧ તરીકે શ્રી સરકારને જોડેલ છે તેમજ શ્રી સરકાર સામે દાવો દાખલ કરતા પહેલા સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૮૦ મુજબ નોટીસ આપવી ફરજીયાત છે. જે વૈધાનીક નોટીસ વાદીએ પતિવાદી નં. ૧ ને પાઠવેલ નથી અને આ નામદાર કોર્ટ સમક્ષ નોટીસ વેઈવ કરવા અરજી આપેલ છે તથા નોટીસ વેઈવ કરવા માટેનું કારણ ''ચોમાસાની સીઝન'' દર્શાવેલ છે. જે પ્રથમથી જ હાસ્યાસ્પદ છે. કારણ કે ચોમાસાની સીઝન દરમ્યાન સ્વાભાવીક રીતે ખેતરાઉ રસ્તાઓ બંધ હોય અને માટી નરમ હોઈ પોલ ઉભા કરવા શકય જ નથી. તેમજ પ્રથમ દર્શનીય રીતે વાદીનો હાલનો દાવો જ મહે. મેંદરડાના સબ–ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષના કેસ નં. ૬/૨૦૨૫ ના તા. ૧૨–૬–૨૦૨૫ ના હુકમ સામે છે. તેથી પણ હાલનો દાવો ચાલવાપાત્ર કે ટકવાપાત્ર નથી. આ નામદાર કોર્ટના કોર્ટ કમિશ્નરશ્રી મારફતે તા. ૧૭–૭–૨૦૨૫ ના રોજ માર્ક–૧૩/૧ થી રોજકામ તથા માર્ક–૧૩/૨ થી કાચો નકશો તૈયાર કરવા આવેલ છે તેની

વિગતો જોતા તેમાં પણ કયાંય વાદીના ખેતરને વાદી દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીમાં જણાવે છે તેવું નુકશાન થતુ હોય તેમ સ્પષ્ટ થતુ નથી. વાદીએ તેમના દાવા સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ પત્ર નં.એમ.એલ.એચ/ટેક/૭૮૩, તા. ૧૨–૯–૨૦૨૪ ની મહત્વની વિગતો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

''તેમજ આપશ્રીને જણાવવાનું કે, રાજુભાઈ લખમણભાઈ ભંભાણા ને વિજ જોડાણ આપવા માટે અત્રેની કચેરી દવારા આપના ખેતરમાં એકપણ પોલ ઉભો કરવામાં આવેલ નથી કે આપના ખેતરમાં કોઈ નુકશાની કરવામાં નથી. સદરહુ વિજ જોડાણનું લાઈનકામ પુર્ણ કરવા માટે આપના ખેતરમાંથી જુની પસાર થતી ૧૧–કે.વી. સુખધામ ખેતીવાડી ફીડર ની લાઈનમાંથી ફકત ટેપીંગ લેવાનું થાય છે.''

પ્રતિવાદી નં. ૩ નાએ પ્રતિવાદી નં. ૨ પાસેથી વિજ કનેકશન મળવા માંગણી કરતી અરજી કરતા પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિ.નં.૩ની અરજી મંજુર કરી જરૂરી કવોટેશન આપેલ. જે રકમ પ્રતિવાદી નં.૩ નાએ ભરપાઈ કરતા પ્રતિવાદી નં.૨ કે જે વિજલાઈન પસાર કરવાના નિષ્ણાંત હોઈ તેમણે યોગ્ય રીતે સર્વે કરી વિજ કનેકશનની કામગીરી શરૂ કરતા વાદી તરફથી તેમા વાંધો લેવામાં આવતા પ્રતિવાદી નં.૨ નાએ પતિવાદી નં.૧ સમક્ષ ધી ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ–૧૯૮૫ ની કલમ–૧૬(૧) હેઠળ વિજ લાઈન પસાર કરવા માટે પરવાનગી માંગતા પ્રતિવાદી નં.૧ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૨ની રજુઆતો સાંભળી પ્રતિવાદી નં. ૧ નાએ તેનો ગુણદોષ ઉપર આખરી હુકમ કરેલ છે. તે હુકમથી વાદી નારાજ હોઈ તો વાદી એપેલેન્ટ ઓથોરીટી સમક્ષ જવાને બદલે સીધા જ આ નામદાર કોર્ટ સમક્ષ દાવો તથા મનાઈ હુકમની અરજી લાવેલ છે. ઉપરાંત વાદીને જયારે ઓલ્ટરનેટીવ પ્રકારની દાદ મળી શકે તેમ હોય તેવા સંજોગોમાં આ નામદાર કોર્ટને હાલનો દાવો સાંભળવા હકુમત રહેતી ન હોય તેથી પણ વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી ચાલવાપાત્ર કે ટકવાપાત્ર નથી. પ્રતિવાદી નં.૩ને વિજ કનેકશન આપવાની કાર્યવાહી પ્રતિવાદી નં.૨ નાએ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ તેમજ ગુજરાત વિજળી અધિનિયમની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ કરેલ છે. તેમાં વાદીને કોઈ નુકશાન થાય તેવા કોઈ ઈરાદાથી કે તેવા કોઈ આશયથી સદર કાર્યવાહી કરવામાં આવેલ નથી. પરંતુ વાદીની દાવા અરજીની વિગતો વંચાણે લેવામાં આવે તો, વાદી પોતાની ઈચ્છા અને મરજી તથા અનુકુળતા મુજબ પ્રતિવાદી નં.૨ ઉપર ખોટુ દબાણ કરી પોતે ઈચ્છે તે મુજબ પ્રતિવાદી નં.૨ વિજલાઈન પસાર કરે તેવી રજુઆત અને વિગતો વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી ઉપરથી સ્પષ્ટ થાય છે. વાદીએ તેમની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીમાં પ્રતિવાદી નં.૩ની ખેતીની જમીનમાં હાલ વિજ કનેકશન હોવા છતાં તેજ ફીડરમાં નવુ વિજ

કનેકશન લેવાના બદલે વાદીની ખેતીની જમીનની વચ્ચેથી વિજપોલ નાખી વાદીના રહેણાંક મકાન, પશુ રાખવાના ઢાળીયા તથા નાળીયેરી તથા ઝાડ તથા ચારાને નુકશાન થાય તેમ હોવાની અને ખેતીકામ કરી ના શકે તેમ હોવાની વાદીની જે રજુઆત છે તે પાયા વિહોણી રજુઆત છે તેમજ વિજ લાઈનથી ચોમાસામાં પીયત દરમિયાન જમીનમાં રહેલ ભેજ સાથે સીધો કરંટ પસાર થાય તો અત્યંત જોખમી તથા હાનીકારક પુરવાર થાય તેવી પુરેપુરી શકયતાઓ રહેલ હોવાનું અને મરણનો ભય હોવાનું અને આ ભય સાથે જ જીવન જીવવાનો સમય આવે તેમ હોવાનું વાદીનું કથન ખરૂ નથી. પ્રતિવાદી નં.ર વિજ લાઈન પસાર કરવા બાબતે તજજ્ઞ હોઈ અને વિજલાઈન પસાર કરવાથી કોઈ શોર્ટ સર્કીટ કે વિજ અકસ્માત ન થાય તે અંગેનું પ્રથમથી જ સર્વે કરી આગળની કાર્યવાહી કરવામાં આવતી હોઈ છે. તેમજ વાદી ફકત શકયતાઓના આધારે હાલનો દાવો લાવેલ હોય તે પ્રથમથી જ ચાલવાપાત્ર નથી. કારણ કે પ્રતિવાદી નં. ર તરફથી આવા અસંખ્ય વિજ કનેકશનો અને વિજલાઈનો પસાર કરવામાં આવેલ હોય છે. તેમા વાદી જણાવે છે તેવા બનાવો રોજબરોજ બનતા હોઈ તેવું કયારેય બનેલ નથી. ઉપરાંત પ્રતિવાદી નં .ર તરફથી સમયાંતરે તેનું સમારકામ કરી જાળવણી પણ કરવામાં આવે છે.તેમજ દાવો લાવવા માટેનું જે કારણ તથા સમય મર્યાદા જણાવેલ છે તે ઉપરાંત હકુમત સબંધે જે રજુઆત કરેલ છે તે કાયદાથી વિરૂધ્ધની છે. કારણ કે આ નામદાર કોર્ટને સબ–ડીવીઝનલ મેજીસ્ટ્રેટનો હુકમ રદ કરવાની સતા નથી તેના માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ દાખલ કરવી જરૂરી છે. તેમજ જયારે વાદીનો કોઈ નુકશાની કે તેના વળતર માટેની દાદ સબંધેનો દાવો નથી. તેથી પણ વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી ચાલવાપાત્ર કે ટકવાપાત્ર ન હોય રદ કરવા અરજ છે. મનાઈ હુકમની અરજીમાં માંગેલ દાદ (૧) (ર) (૩) મુજબની કોઈ દાદ પ્રતિવાદી નં. ૩–૪ સામે માંગવામાં આવેલ નથી તેમજ ઉપરોકત કોઈ પણ પ્રકારની દાદ ધી ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ–૧૮૮૫ ની જોગવાઈઓ મુજબ વાદીને મળી પણ શકે તેમ ન હોય તેથી પણ વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી ખર્ચ સહીત રદ થવાપાત્ર છે. વાદીનો કોઈ પથમ દર્શનય કેસ નથી તેમજ પ્રતિવાદી નં. ર પાસે પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવા માટેના વિકલ્પો હોવાની રજુઆત વાદીની ખરી નથી. વાદીની જમીન કે પાકને નુકશાન થાય તે રીતે સુચીત વિજ લાઈન નાખવાથી વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન નથી કે વાદીને કોઈ ઈર્રીપેરેબલ લોસ જાય તેમ નથી. ઉલ્ટાનું વિજ કનેકશન ન આપવાથી પ્રતિવાદી નં. ૩ને નાણામાં ન પુરી શકાય તેવું નુકશાન થાય તેમ છે અને સગવડતા અગવડતાની સમતુલા પણ પ્રતિવાદી નં. ૩–૪ ની તફરેણમાં છે. કારણ કે વિજ કનેકશન ન મળવાથી પ્રતિવાદી નં. ૩–૪ પોતાની

જમીનમાં યોગ્ય રીતે પીયત ન કરી શકવાથી પાક ન લઈ શકીએ તેવું પ્રથમ દર્શનીય રીતે જ સ્પષ્ટ થાય છે. તેથી પણ વાદી આવો કોઈ વચગાળાનો દાવો ચલાતા દરમિયાન મનાઈ હુકમ માંગવા કે મેળવવા હકકદાર ન હોય રદ કરવા વિનંતી કરેલ છે. તેમજ પ્રતિવાદીને વાદી આ નામદાર કોર્ટમાં ઢસડી લાવ્યા હોય પ્રતિવાદી નં. ૩–૪ ને ખાસ ખર્ચ અપાવવા વિનંતી કરેલ છે.

**(૩)....** વાદી તરફે અને પ્રતિવાદી નં.ર તથા ૩,૪ તરફે ના તેમના વિ.વકીલશ્રીઓની વિસ્તાર પૂર્વકની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪)....** વાદીની હાલની આંક–પ ની વચગાળાની મનાઈ અરજી , પ્રતિવાદી નં.ર તથા ૩,૪ ના જવાબ તથા વાદી તથા પ્રતિવાદી નં.ર તથા ૩,૪ ના તરફે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ તથા વાદગ્રસ્ત જગ્યાનું નિ. ૧૩/૧ રોજકામ ઘ્યાને વંચાણે લીધેલ છે દલીલોનાં આધારે અરજીના નિર્ણય અર્થે અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**<u>–– :: મુદ્દાઓ ::––</u>**

**(૧)....**શું વાદી સાબિત કરે છે કે તેમનો પ્રથમદર્શનીય કેસ છે ?

**(ર)....**શું વાદી સાબિત કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલાનું પલ્લુ તેમની તરફેણમાં છે ?

**(૩)....**શું વાદી સાબિત કરે છે કે, જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ છે ?

**(૪)....**શું હુકમ ?

**(પ)....**ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧.હકારમાં**

**મુદ્દા નં. ર.નકારમાં**

**મુદ્દા નં. ૩.નકારમાં**

**મુદ્દા નં. ૪. આખરી હુકમ મુજબ.**

ઉપરોકત નિર્ણયોના મારા જવાબો નીચે મુજબ છે:

**<u>::– કા ર ણો – ::</u>**

**(૦૬)....**મુદ્દા નંબર– ૧ થી ૩ અંગે ::–

આ કામે મુદ્દા નંબર–૧ થી ૩ હકીકતની દ્રષ્ટિએ તથા કાયદાની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથ સકંળાયેલ હોવાથી હકીકતોનો પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈહુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકતત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે. એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત–પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈહુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈહુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં, મનાઈહુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈહુકમ એ સમન્યાયીક દાદ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈહુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈહુકમ માંગનાર વ્યકિતએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે(૧) દાવામાં મહત્વના અને ગંભીર

પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે. (૨) મનાઈહુકમ માગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે. જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય. (૩) જો મનાઈહુકમ માગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, તે વ્યકિતને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં કામચલાઉ મનાઈહુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેકબુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જેતે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈ હુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેક બુધ્ધિ અનુસાર મનાઈ હુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમ દર્શનિય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત અને પોતાને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે તેવુ પણ બતાવવુ જરૂરી છે.

**(૦૭)....**આ કામે વાદીએ પોતાની વચગાળા ની અરજી મહત્વની હકકીતે જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં–૩ને પોતાની ખેતીની જમીનમાં થ્રી–ફેઝની વીજ કનેકશનની જરૂરિયાત હોય માંગણી કરતા આ કામના પ્રતિવાદી નં–ર નાએ આ કામના પ્રતિવાદી નં–૩ નાને ખેતીવાડી માટે થ્રી–ફેઝ વીજ પુરવઠો આપવા માટે વીજ જોડાણ આપવા માટે સર્વે કરેલ હતું જે સર્વે મુજબ ૧૧ કે.વી. વીજ લાઈન વાદીના ખેતર માંથી વચોવચ પસાર થાય ત્યાંથી વીજ કનેકશન લેવા માંગતા હોય વાદીના ખેતર અને રહેણાંક મકાન તથા ઝાડ ઉપરથી પસાર થઈને પ્રતિવાદી નં–૩ના ખેતર સુધી પહોચે છે. આ હકકીતે વાદીના ખેતરમાંથી વિજ લાઈન પસાર થાય છે તે હકકીત વાદીએ સ્વીકારેલ છે. પ્રતિવાદી નં.૩ નાએ વિજ લાઈન કનેકશન માટે માંગણી કરતા પ્રતિવાદી નં.ર નાએ યોગ્ય કાર્યવાહી કરી પ્રતિવાદી નં.૩ નાને વિજ કનેકશન આપવાનું નકકી કરવામાં આવેલ. વાદીએ જીલ્લાએ કલેકટરશ્રી ની કચેરી ખાતે પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવા બાબતે વાંધો લેતા જે અરજી અન્વયે કલેકટર શ્રી એ તા.૧૨/૬/૨૫ ના રોજ હુકમ કરેલ કે, વાદીના મકાન ની સલામતી ને ધ્યાને રાખી પાક ને ઓછામાં ઓછુ નુકશાન જાય તે રીતે પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવા હુકમ કરેલ છે. જે અન્વયે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે. ત્યારે વાદી નો પ્રથમ દર્શનીય રીતે કેસ જણાય છે.ત્યારે વાદી મુદ્દા નં.૧ પુરવાર કરવામાં સફળ થયેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ " હકારમાં " ઠરાવવામાં આવે છે.**

વધુમાં, મહત્વની હકકીતે પ્રતિવાદી નં.૩ નાએ વિજ કનેકશન ની માંગણી કરતા તથા પ્રતિવાદી નં.૨ વિજ કંપનીએ પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવાનું નકકી કરેલ છે. વાદીએ આ કનેકશન આપવા બાબતે  વાંધો લેતા જે અરજી અન્વયે કલેકટર શ્રી એ તા.૧૨/૬/૨૫ ના રોજ હુકમ કરેલ કે, વાદીના મકાન ની સલામતી ને ધ્યાને રાખી પાક ને ઓછામાં ઓછુ નુકશાન જાય તે રીતે પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવા હુકમ કરેલ છે.

નામદાર સુપ્રિમકોર્ટ દ્રારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, 13. It is also appropriate to refer the decision of Hon'ble Apex Court in a case of Dilip (Dead) Through LRs vs. Satish and other reported in 2022 INSC 570 wherein the Hon'ble Apex Court in paragraph No.9 has observed as under:- "9. **It is now well settled proposition of law that electricity is a basic amenity of which a person cannot be deprived.** Electricity cannot be declined to a tenant on the ground of failure/refusal of the landlord to issue no objection certificate. All that the electricity supply authority is required to examine is whether the applicant for electricity connection is in occupation of the premises in question." 14. It is a settled position of law that electricity, being a undefined basic amenity, cannot be denied to a person on the ground of absence of a no objection certificate from the landlord, and the authority is only required to verify the applicant's occupation of the premises.

પ્રતિવાદી નં.૩ નાએ વિજ કનેકશન મેળવવા માટે માંગણી કરેલ છે. જે વિજ કનેકશન આપવા પ્રતિવાદી નં.૨ સહમત થયેલ હોય વધુમાં જીલ્લા કલેકટરશ્રીએ વાદીના મકાન ની સલામતી ને ધ્યાને રાખી પાક ને ઓછામાં ઓછુ નુકશાન જાય તે રીતે પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન આપવા હુકમ કરેલ છે. પ્રતિવાદી નં.૨ એ વિજ કંપની હોય અને પ્રતિવાદી નં.૩ ને કઈ જગ્યાએ થી , કેવી રીતે, કયા પ્રકારની વિજ લાઈન આપવી તે માટે પોતે નિષ્ણાંત હોય અને પોતે જ નિર્ણય કરવાનો હોય ત્યાર તેમજ ૧૧ કે.વી. વીજ લાઈન વાદીના ખેતર માંથી વચોવચ પસાર થતી વાદી ને કોઈ અગવડતા થાય તેમ નથી પંરતુ વિજ કનેકશન વિના પ્રતિવાદી નં.૩ ને અગવડતા પડશે તેવુ માનવાને કારણ રહેલ છે. તેમજ પરંતુ પ્રતિવાદી નં.૩ ને વિજ કનેકશન મેળવવા માટે અટકાવવામાં આવે તો પ્રતિવાદી નં.૩ ને  નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ છે જો માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈહુકમ

આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમ જણાતું નથી. ત્યારે વાદી મુદ્દા નં.૨ તથા ૩ પુરવાર કરવામાં વાદી સફળ થયેલ હોય ન હોય મુદ્દા નં. ૨ તથા ૩ નો જવાબ '' **નકાર** '' માં ઠરાવવામાં આવે છે. **મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**– હુકમ –**

**(૧)....**વાદીની હાલની અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

**(૨)....**અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

આ હુકમ આજરોજ **તારીખ:–૩૦ મી માહે–જુલાઈ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

સ્થળ: કેશોદ.
તા. ૩૦ /૦૭/૨૦૨૬

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી )**
એડિ. સિનિયર સિવિલ જજ
કેશોદ
**જજ કોડ નં. જીજે ૦૧૩૦૬**

(ગુજ. સ્ટેનો–જે. જી. ભેટારીયા)